**એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ**
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
**નોંધણીકૃત કાર્યાલયઃ** એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
**CIN No.:** L67120MH2008PLC181833
**શાખા કાર્યાલયઃ** સુરત

L&T Finance

**જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ**

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **''જાહેર ઈ–હરાજી''** થકી **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

| ઋણદાર અને સહ–ઋણદારનું નામ | સંરક્ષિત મિલકતનું સરનામું | લોન અકાઉન્ટ નંબર(રો) | પ્રત્યક્ષ લીધેલો કબજો | બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (₹માં) | 08.07.2024ના રોજ કુલ બાકી લેણા | અનામત કિંમત (₹માં) | નિરીક્ષણની તારીખ | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. મેઘલકુમાર દુષ્યંતભાઈ પંડ્યા 2. રીટાબેન દુષ્યંતભાઈ પંડ્યા 3. કોસ્ટબાર એન્ટરપ્રાઈઝીસ પ્રા. લિ. (તેના ડાયરેક્ટરો મેઘલકુમાર દુષ્યંતભાઈ પંડ્યા અને રીટાબેન દુષ્યંતભાઈ પંડ્યા થકી) 4. પ્રીશિયસ એન્ટરપ્રાઈઝીસ | નિમ્નલિખિત સરનામાની મિલકતના સર્વ ભાગ અને હિસ્સાઃ મિલકત પ્લોટ નં. 3, ક્ષેત્ર 140 ચો.યાર્ડ, એટલે કે, 117.05 ચો.મી., ''જમનાનગર સોસાયટી'', સર્વે નં. 1/4 પૈકી, ટી.પી. સ્કીમ નં. 5 (ઉમરા–નોર્થ), આખરી પ્લોટ નં. 32, ક્ષેત્ર 4815 ચો.મી. પૈકી 2480 ચો.મી., મૌજે ઉમરા, સુરત શહેર, સુરત, ગુજરાત–395007. સીમાઓ: પૂર્વ – પ્લોટ નં. 2; પશ્ચિમ – પ્લોટ નં. 4; ઉત્તર – પ્લોટ નં. 16; દક્ષિણ – રસ્તો | SRTHL19000858 અને SRTHL19000763 અને SRTHL19000867 | 30મી જૂન, 2024 | ₹ 10,06,200/- | ₹ 1,09,57,949.24/- | ₹ 1,00,62,000/- | પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે. | 26/08/2024 ના રોજ સવારે 10 થી બપોરે 12 |
| 1. અભિષેકરાજ નિખલચંદ મહેતા 2. શિલ્પા અભિષેકરાજ મહેતા | નિમ્નલિખિત સરનામાની મિલકતના સર્વ ભાગ અને હિસ્સાઃ ફ્લેટ નં. 502, 5મો માળ, ક્ષેત્ર 1410 ચો.ફીટ, એટલે કે, 130.99 ચો.મી., સુપર બિલ્ટ–અપ એરિયા અને 79.60 ચો.મી. બિલ્ટ–અપ એરિયા, સાથે ''આર્ય રેસિડેન્સી''ની જમીનમાં અવિભાજિત હિસ્સો, મૂળ સર્વે નં. 36 પૈકી, સુધારણા સર્વે નં. 28 પૈકી હિસ્સા નં. 1 પૈકી ટી.પી. સ્કીમ નં. 1 (વેસુ), આખરી પ્લોટ નં. 54, ક્ષેત્ર 863.00 ચો.મી., પૈકી પ્લોટ નં. સી, ક્ષેત્ર 215.75 ચો.મી., પૈકી પ્લોટ નં. ડી, ક્ષેત્ર 215.75 ચો.મી., મૌજે વેસુ, સુરત શહેર, ગુજરાત–395007. | H008002106210108 46 અને H008002106210108 46L | 08મી જુલાઈ, 2024 | ₹ 4,55,430/- | ₹ 63,07,621.43.00/- | ₹ 45,54,300.00/- | પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે. | 26/08/2024 ના રોજ સવારે 10 થી બપોરે 12 |

**જાહેર હરાજીના નિયમો અને શરતો**

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **24/08/2024**ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં ''એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ''ને નામે મુંબઈ ખાતે **26/08/2024**ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **27/08/2024**ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **''નામ – પીયુષ મંદાની, સંપર્ક નં. 9974748946, એલ&ટી ફાઈનાન્સ લિ., ઈકો કોમર્ઝ કોમ્પ્લેક્સ, 3જો માળ, 308થી 311 અને 322થી 326, જી ડી ગોયંકા રોડ, સંગિની અરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098.''** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ–હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/રદ કરી શકે છે અથવા ઈ–હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

સહી/–
**અધિકૃત અધિકારી**
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

**તારીખઃ** 22.07.2024
**સ્થળઃ** સુરત


# અસમર્થનીય અને અસ્વીકાર્ય અંદાજો પર આધારિત જર્નલ સાયન્સ એડવાન્સના અભ્યાસમાંથી ૨૦૨૦માં વધારાના મૃત્યુદરને પ્રકાશિત કરતા મીડિયા અહેવાલો

નવી દિલ્હી, કેટલાક મીડિયા અહેવાલોએ ૨૦૨૦માં ભારતમાં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન આયુષ્ય અંગેના શૈક્ષણિક જર્નલ સાયન્સ એડવાન્સિસમાં આજે પ્રકાશિત થયેલા પેપરમાંથી તારણો પ્રકાશિત કર્યા છે. આ અસમર્થનીય અને અસ્વીકાર્ય અંદાજો પર આધારિત છે. જ્યારે લેખકો નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ ના વિશ્લેષણની પ્રમાણભૂત પદ્ધતિને અનુસરવાનો દાવો કરે છે, ત્યારે પદ્ધતિમાં મહત્વપૂર્ણ ખામીઓ છે. સૌથી મહત્વની ખામી એ છે કે લેખકોએ જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૧ની વચ્ચે ???? સર્વેક્ષણમાં સમાવિષ્ટ ઘરોના પેટાજૂથને લીધા છે, ૨૦૨૦માં આ ઘરોમાં મૃત્યુદરની તુલના ૨૦૧૯ સાથે કરી છે, અને પરિણામોને સમગ્ર દેશમાં તારણ કાઢ્યું છે. એન.એફ.એચ.એસ. નમૂના ફક્ત ત્યારે જ દેશનું પ્રતિનિધિત્વ કરે છે જ્યારે તેને સંપૂર્ણ માનવામાં આવે. ૧૪ રાજ્યોના હિસ્સાના આ વિશ્લેષણમાં સામેલ ૨૩ ટકા ઘરોને દેશના પ્રતિનિધિ ગણી શકાય નહીં. અન્ય ગંભીર ખામી કોવિડ-૧૯ રોગચાળાની ટોચ પર, જે સમયમાં આ ડેટા એકત્રિત કરવામાં આવ્યા હતા તેના કારણે સમાવિષ્ટ નમૂનામાં સંભવિત પસંદગી અને રિપોર્ટિંગ પૂર્વગ્રહો સાથે સંબંધિત છે. ભારત સહિત ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં મહત્વપૂર્ણ નોંધણી પ્રણાલી નબળી હોવાનો દાવો કરીને આવા વિશ્લેષણની જરૂરિયાત માટે પેપર ભૂલથી દલીલ કરે છે. આ સાચું થવાથી દૂર છે. ભારતમાં સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (???) અત્યંત મજબૂત છે અને ૯૯% થી વધુ મૃત્યુને કેપ્ચર કરે છે. આ રિપોર્ટિંગ ૨૦૧૫માં ૭૫ ટકાથી વધીને ૨૦૨૦માં ૯૯ ટકાથી વધુ થઇ ગયું છે. આ સિસ્ટમના ડેટા દર્શાવે છે કે ૨૦૧૯ની તુલનામાં વર્ષ ૨૦૨૦માં મૃત્યુ નોંધણીમાં ૪.૭૪ લાખનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં મૃત્યુ નોંધણીમાં અગાઉના વર્ષોની તુલનામાં સમાન ૪.૮૬ લાખ અને ૬.૯૦ લાખનો વધારો થયો હતો. ઉલ્લેખનીય છે કે, સીઆરએસમાં એક વર્ષમાં થયેલા તમામ વધારાના મૃત્યુ રોગચાળાને આભારી નથી. વધુ પડતી સંખ્યા સીઆરએસ (???) માં મૃત્યુ નોંધણીના વધતા વલણ (તે ૨૦૧૯માં ૯૨% હતી) અને પછીના વર્ષમાં મોટી વસ્તી આધારને કારણે પણ છે. ૨૦૨૦માં સાયન્સ એડવાન્સ પેપરમાં અગાઉના વર્ષની સરખામણીમાં લગભગ ૧૧.૯ લાખ મૃત્યુની વધુ નોંધ કરવામાં આવી છે તે એકંદર અને ગેરમાર્ગે દોરનારો અંદાજ છે. તે નોંધનીય છે કે રોગચાળા દરમિયાન વધુ મૃત્યુદરનો અર્થ એ છે કે તમામ કારણોને લીધે મૃત્યુમાં વધારો થાય છે, અને તેને કોવિડ-૧૯ દ્વારા સીધા થયેલા મૃત્યુ સાથે સરખાવી શકાય નહીં. સંશોધકો દ્વારા પ્રકાશિત અંદાજની ભૂલભરેલી પ્રકૃતિને ભારતની સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ ના ડેટા દ્વારા વધુ સમર્થન મળે છે. ??? દેશના ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા ૮૮૪૨ નમૂના એકમોમાં ૨૪ લાખ પરિવારોની લગભગ ૮૪ લાખ વસ્તીને આવરી લે છે. જ્યારે લેખકો ૨૦૧૮ અને ૨૦૧૯ માટે વિશ્લેષણ અને નમૂના નોંધણી સર્વેક્ષણ વિશ્લેષણના પરિણામો તુલનાત્મક છે તે દર્શાવવા માટે ખૂબ જ પીડા લે છે, ત્યારે તેઓ અહેવાલ આપવામાં સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે કે ૨૦૨૦માં ??? ડેટા ૨૦૧૯ ડેટા (૨૦૨૦માં ક્રૂડમૃત્યુ દર ૬.૦/૧૦૦૦, ક્રૂડ મૃત્યુ દર ૨૦૧૯માં ૬.૦/૧૦૦૦)ની તુલનામાં ખૂબ જ ઓછો, જો કોઇ હોય તો, વધુ મૃત્યુ દર્શાવે છે અને આયુષ્યમાં કોઇ ઘટાડો થયો નથી. પેપર વય અને લિંગ પરના પરિણામોની જાણ કરે છે, જે ભારતમાં કોવિડ-૧૯ પર સંશોધન અને પ્રોગ્રામ ડેટાની વિરુદ્ધ છે.

પેપર દાવો કરે છે કે સ્ત્રીઓમાં અને નાની વયના જૂથોમાં (ખાસ કરીને ૦-૧૯ વર્ષના બાળકોમાં) વધુ મૃત્યુદર વધુ હતો. કોવિડ-૧૯ને કારણે નોંધાયેલા લગભગ ૫.૩ લાખ મૃત્યુના ડેટા, તેમજ કોહોર્ટ્સ અને રજિસ્ટ્રીઝના સંશોધન ડેટા સતત સ્ત્રીઓ કરતાં પુરૂષોમાં કોવિડ-૧૯ને કારણે વધુ મૃત્યુદર (૨:૧) દર્શાવે છે અને વૃદ્ધ વય જૂથોમાં (કેટલાક ગણા વધુ ? ૦-૧૫ વર્ષના બાળકો કરતાં ૬૦ વર્ષનાં લોકો). પ્રકાશિત પેપરમાં આ અસંગત અને સમજાવી ન શકાય તેવા પરિણામો તેના દાવાઓમાં કોઈપણ વિશ્વાસને વધુ ઘટાડે છે. નિષ્કર્ષમાં, ભારતમાં પાછલા વર્ષની સરખામણીમાં ૨૦૨૦માં સર્વ-કારણનો વધારાનો મૃત્યુદર સાયન્સ એડવાન્સ પેપરમાં નોંધાયેલા ૧૧.૯ લાખ મૃત્યુ કરતાં નોંધપાત્ર રીતે ઓછો છે જે આજે પ્રકાશિત થયેલ પેપર પદ્ધતિસરની રીતે ખામીયુક્ત છે અને તે પરિણામો દર્શાવે છે જે અસમર્થનીય અને અસ્વીકાર્ય છે.

**અભ્યાસ ભારતની મજબૂત નાગરિક નોંધણી પ્રણાલી (CRS)ને સ્વીકારવામાં નિષ્ફળ જાય છે, જેણે ૨૦૨૦માં મૃત્યુ નોંધણીમાં નોંધપાત્ર વધારો (99%થી વધુ) નોંધ્યો હતો, જે ફક્ત રોગચાળાને આભારી નથી અભ્યાસના તારણો અને સ્થાપિત કોવિડ-૧૯ મૃત્યુદરના દાખલાઓ વચ્ચેની વિસંગતતાઓ તેની વિશ્વસનીયતાને વધુ નબળી પાડે છે**

### ભારત સરકાર નાનીતિ આયોગ દ્વારા યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગની

# 'ગુજરાત રાજ્યમાં યુનિવર્સિટીઓની દેખરેખ અને મૂલ્યાંકન ક્ષમતા નિર્માણ' માટે પસંદગી કરવામાં આવી



જનાદેશ પ્રતિનિધિ, સુરત : નીતિ આયોગ, ભારત સરકારના'વિકાસ દેખરેખ અને મૂલ્યાંકન કાર્યાલય' દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરતના અર્થશાસ્ત્ર વિભાગની'ગુજરાત રાજ્યમાંયુનિવર્સિટીઓની દેખરેખ અને મૂલ્યાંકન ક્ષમતા નિર્માણ' માટે પસંદગી કરવામાં આવી છે એવું અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ ડો. ગૌરાંગ ડી. રામી એ જણાવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત ના કુલપતિશ્રી ડો. કિશોરસિંહ ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડો. આર.સી.ગઢવી સાહેબના સીધા માર્ગદર્શનમાં અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ ડો. ગૌરાંગ ડી. રામી તથા અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો ડો. યોગેશએન. વાંસિયા અને ડો. મનીષ આર. પટેલ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૩ માં'ગુજરાત રાજ્યમાં યુનિવર્સિટીઓની દેખરેખ અને મૂલ્યાંકન ક્ષમતા નિર્માણ' વિષય પર એક વિસ્તૃત પ્રપોઝલ તૈયાર કરીને ભારત સરકારના નીતિ આયોગમાં મોકલવામાં આવી હતી. ત્યારબાદ પસંદગીના બે રાઉન્ડમાં પ્રેઝન્ટેશન કર્યા બાદ તાજેતરમાં 'ગુજરાત રાજ્યમાંયુનિવર્સિટીઓની દેખરેખ અને મૂલ્યાંકન ક્ષમતા નિર્માણ' માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરતના અર્થશાસ્ત્ર વિભાગની પસંદગી કારવામાં આવી છે. આ પ્રકલ્પમાં શિક્ષણ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારની રાષ્ટ્રીય બાળ સ્વાથ્ય કાર્યકર્મ અનેરાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યકર્મ તેમજ શિક્ષણ મંત્રાલય, ભારત સરકારની સમગ્ર શિક્ષા અનેપી.એમ. પોષણ શક્તિ નિર્માણ યોજનાઓનો અભ્યાસ કરવામાં આવશે. પ્રસ્તુત યોજનાઓનો અભ્યાસ કરવા માટે અર્થશાસ્ત્ર વિભાગ ખાતે અનુસ્નાતકનો અભ્યાસ કરતા વિધાર્થીઓ તેમજ પીએચ.ડીનુંસંશોધન કરતા સંશોધકોનો આ પ્રકલ્પમાં સમાવેશ કરવામાં આવશે. નીતિ આયોગ દ્વારા આપવામાં આવેલ આ પ્રકલ્પનો એક પ્રમુખ હેતુઅનુસ્નાતકનો અભ્યાસ કરતા વિધાર્થીઓ તેમજ પીએચ.ડી નુંસંશોધન કરતા સંશોધકોમાં સંશોધનની આવડતોનો વિકાસ કરવાનો રહેલો છે. તેના માટે નીતિ આયોગ દ્વારા આ વિધાર્થીઓ અને સંશોધકોને કમ્પ્યુટર-આસિસ્ટેડ પર્સનલ ઈન્ટરવ્યુ ની તાલીમ ઓગસ્ટ મહિનાનાના પહેલા અઠવાડિયામાં આપવામાં આવશે અને ટેકનોલોજીનો ઉપયોગ કરી કઇ રીતે ઓનલાઈન પ્રશ્નાવલી ભરવી શકાય તે શીખવાડવામાં આવશે અને તેમની સંશોધનની સ્કીલ વિકસાવવાના પ્રયત્નો કરવામાં આવશે. પ્રસ્તુત સંશોધન માટે નિદર્શ ગુજરાતના ૪ પસંદગીના જીલ્લાઓ પૈકી૭ બ્લોક તેમજ ૩૯ શાળાઓ માંથી પસંદ કરવામાં આવશે. જેમાં શાળાના આચાર્ય, શિક્ષક, રસોઈઆ તેમજ વિધાર્થીઓના માતા-પિતા વગેરેની પસંદગી કરવામાં આવશે. જેની વિસ્તૃત પધ્ધતિ અને વિગતો નીતિ આયોગ દ્વારા પૂરી પાડવામાં આવશે.કુલ ૪ જીલ્લાઓ પૈકી 'ધી પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ૨૦૨૧' માંથી બે શ્રેષ્ઠ તેમજ ૨ નબળી કામગીરી ધરાવતા જીલ્લાઓની પસંદગી કરવામાં આવશે. નિદર્શમાં ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ આપતી સરકારી અને ખાનગી આમ બન્ને પ્રકારની શાળાઓનો સમાવેશ કરવામાં આવશેઅને લગભગ ૫૦૦ જેટલી પ્રશ્નાવલીકમ્પ્યુટર-આસિસ્ટેડ પર્સનલ ઈન્ટરવ્યુ દ્વારા ભરાવવામાં આવશે. જેનું વિશ્લેષણ કરી એક વિષદ અહેવાલ નીતિ આયોગને જમા કરાવવામાં આવશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આ સમગ્ર કાર્યવાહી ઓગસ્ટ માસ થી ઓક્ટોબર માસ દરમ્યાન પૂરી કરવાની રહેશે જેના માટે લગભગ ૩.૭૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ નીતિ આયોગ દ્વારા ફાળવવામાં આવશે. આ સિદ્ધિ બદલવીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત ના કુલપતિશ્રી ડો. કિશોરસિંહ ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડો. આર.સી.ગઢવી સાહેબ અને બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્યો તથા એક્ઝીક્યુટીવ કમીટીના સભ્યોએ અર્થશાસ્ત્ર વિભાગને અભિનંદન પાઠવ્યા છે અને શુભકામનાઓ આપી છે.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન



જનાદેશ પ્રતિનિધિ, સુરત : તારીખ ૧૯/૦૭/૨૦૨૪ને શુક્રવારનાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે અધ્યક્ષશ્રી ડો. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંઅર્થશાસ્ત્ર વિભાગની સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો અને પોતાની અદ્ભુત મહેંદી કળાને પ્રદર્શિત કરી હતી.પ્રસ્તુત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યાપિકા ડો. મોસમ ત્રિવેદીએ ભૂમિકા ભજવી હતી,તથાવિદ્યાર્થીનીઓનું પ્રોત્સાહિત કરતા પ્રથમ,દ્રિતીય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યો હતો. જેમાંપ્રથમક્રમ પર એમ.એ. સેમેસ્ટર- ૩ ની વિદ્યાર્થીની ઝીંઝાલા અંકિતા રહી હતી, દ્રિતીય ક્રમપર સોડ્વડીયા વંદના અને બેલાડીયા પ્રાંજલ, તૃતીય ક્રમ પર એમ.એ.સેમેસ્ટર ૧. ની વિદ્યાર્થીની પઠાણ સબીના અને શૈખસનાબાનુ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. દરેક વિજેતાઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડો. આર.સી. ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગ અને યુનિવર્સિટી પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાંઆવે છે.

# ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ટેક્સ્ટાઇલ અગત્યનું સેક્ટરઃ મંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટા

### ભારતના રાજ્ય કક્ષાના ટેક્સ્ટાઇલ મંત્રી પબિત્રા માર્ગેરિટાના હસ્તે સરસાણા ખાતે 'સીટેક્ષ - ૨૦૨૪'એક્ઝીબીશનનો શુભારંભ



જનાદેશ પ્રતિનિધિ, સુરત.* ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર તથા સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુકત ઉપક્રમે સેમિનાર હોલ? એ, સરસાણા, સુરત ખાતે સીટેક્ષ એક્ઝીબીશનનો ઉદ્?ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તેમજ ઉદ્?ઘાટક તરીકે ભારતના રાજ્ય કક્ષાના ટેક્ષ્ટાઈલ મંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટા ઉપસ્થિત રહયા હતા અને તેમના હસ્તે સીટેક્ષનું ઉદ્?ઘાટન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ભારતના ટેક્ષ્ટાઈલ મંત્રાલયના એડિશનલ ટેક્ષ્ટાઈલ સેક્રેટરી શ્રી એસ.પી. વર્મા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. SGCCIના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉદ્?ઘાટન સમારોહમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને ૫ ટ્રિલિયન ડોલર ઈકોનોમી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે અને ઉદ્યોગકારોને ૧ ટ્રિલિયન ડોલરના એક્ષ્પોર્ટનો લક્ષ્યાંક આપ્યો છે ત્યારે ટેક્ષ્ટાઈલ મશીનરીના આ પ્રદર્શનથી સમગ્ર કાપડ ઉદ્યોગનો વિકાસ થાય અને દેશના જીડીપી ગ્રોથમાં ગુજરાત રિજનમાંથી મહત્વનું યોગદાન આપી શકાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સીટેક્ષ એક્ઝીબીશન એ કાપડની કવોલિટી અપગ્રેડ કરી વધુમાં વધુ એક્ષ્પોર્ટ કરવાની દિશામાં મહત્વનું યોગદાન આપશે. ચેમ્બર પ્રમુખે ભારતના રાજ્ય કક્ષાના ટેક્ષ્ટાઈલ મંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટાને ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીની કેટલીક મુશ્કેલીઓને નિવારવા માટે રજૂઆત કરી હતી. ભારતના રાજ્ય કક્ષાના ટેક્ષ્ટાઈલ મંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટાએ ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે ચેમ્બર દ્વારા જે રજૂઆતો કરવામાં આવી છે તેનું વહેલી તકે નિવારણ લાવવા માટે પ્રયાસ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે રોટી, કપડા ઔર મકાન દરેક બાબતે કાપડનો ઉપયોગ થાય છે. અત્યારે વૈશ્વિક માર્કેટમાં ભારતની ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીનું યોગદાન ૪ ટકા છે અને તેને વધારવા માટે પ્રયાસ કરવાનો છે. ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ટેક્ષ્ટાઈલ અગત્યનું સેકટર છે. ભારત સરકાર ડાયવર્સિટી, ઈનોવેશન, એડેપ્ટેબિલિટી અને સેલ્ફ સસ્ટેનેબલ ઉપર ભાર મુકી રહી છે. ભારતના એડિશનલ ટેક્ષ્ટાઈલ સેક્રેટરી શ્રી એસ.પી. વર્માએ જણાવ્યું હતું કે, ટફ સ્કીમ અંતર્ગત રૂપિયા ૩૭૦૦૦ કરોડની મશીનરી ભારતમાં ઉપલબ્ધ થઇ હતી, પરંતુ આ સ્કીમ અંતર્ગત રૂપિયા ૨૭૦૦૦ કરોડની મશીનરી તો આયાત કરવામાં આવી હતી. મશીનરી મેન્યુફેકચરીંગ ભારતમાં થાય એના માટે સરકારની યોજના છે, એના માટે ઉદ્યોગ સાહસિકોને આગળ આવવાની જરૂર છે. ઈકોનોમી ઓફ ઓપરેશન્સ કરવાના છે તો બધાએ સાથે મળીને પ્રોડકશન કરવું પડશે. ચેમ્બરના ઓલ એક્ઝીબીશન્સ ચેરમેન શ્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, આ પ્રદર્શનમાં એરજેટ, વોટર જેટ, મોનો સ્પેટીંગ મશીન, ડિજિટલ પ્રિન્ટીંગ મશીન આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. એર જેટ મશીન કન્વેન્શનલ લુમ કરતા ૭થી ૮ ગણું વધારે પ્રોડકશન આપે છે. એકઝીબીશનમાં જે ડિજિટલ પ્રિન્ટીંગ મશીન પ્રદર્શિત થઇ રહી છે તે ૨૪ કલાકમાં ૬૦૦૦ મીટરનું પ્રોડકશન આપે છે. દેશના ૭૫ શહેરોમાંથી વિઝીટર્સ આ પ્રદર્શનની મુલાકાત લેશે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય કંપનીઓના પ્રતિનિધિઓ પણ પ્રદર્શનની વિઝીટ કરશે. સુરત ટેક્ષમેક ફેડરેશનના ઉપ પ્રમુખ શ્રી પ્રણવ મહેતાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉદ્?ઘાટન સમારોહમાં ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો. ચેમ્બરના સભ્ય ડો. વિજય રાદડીયાએ સમગ્ર ઉદ્?ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, ચેમ્બરના માનદ્? મંત્રી નિરવ માંડલેવાલા, માનદ્? ખજાનચી શ્રી મૃણાલ શુકલ, સીટેક્ષ એક્ઝીબીશનના ચેરમેન શ્રી સુરેશ પટેલ, પૂર્વ પ્રમુખશ્રીઓ, સુરત ટેક્ષમેક ફેડરેશનના જોઈન્ટ સેક્રેટરી શ્રી મહેન્દ્ર કુકડીયા તેમજ ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારો અને પ્રાયોજકો ઉપસ્થિત રહયા હતા.